અપીલ અરજી નં.૧૧૦ તા.૨૯–૭–૦૮

અરજદાર: શ્રી સતીષભાઈ પરસોતમભાઈ પટેલ
સામાવાળા: ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન

## હુકમ:–

**વિષય:**–આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી સતીષભાઈ પરસોતમભાઈ પટેલની તા.૧૧–૬–૦૮ થી આઈ ડી.નં.૫૬ અંગે તા.૯–૬–૦૮ ૦૦ થી ૩.૩૦ સમય દરમ્યાન ગવીયર ગામ પટેલ ફળીયું ઘર નં.૭ ની સામે અરજદારના કુંટુંબની માલિકીની તથા કબ્જા ભોગવટાની ખાલી જગ્યામાં અજાણ્યા માણસોએ એક અધિકારી સાથે માપી, સંમતિ વગર ધાર્મિક હેતુ માટે અસ્થાયી બાંધકામની પરવાનગી માંગેલ છે જે અંગે જમીન માટે રજુ કરેલ અરજી સહિતના પુરાવાની પ્રમાણિત નકલોની માંગણી બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૭–'૦૮ ની અપીલ અરજી નં.૧૧૦/૨૦૦૮–૦૯

શ્રી સતીષભાઈ પરસોતમભાઈ પટેલની તા.૧૧–૬–૦૮ થી આઈ ડી.નં.૫૬ અંગે તા.૯–૬–૦૮ ૦૦ થી ૩.૩૦ સમય દરમ્યાન ગવીયરગામ પટેલ ફળીયું ઘર નં.૭ ની સામે અરજદારના કુંટુંબની માલિકીની તથા કબ્જા ભોગવટાની ખાલી જગ્યામાં અજાણ્યા માણસોએ એક અધિકારી સાથે માપી,સંમતિ વગર ધાર્મિક હેતુ માટે અસ્થાયી બાંધકામની પરવાનગી માંગેલ છે જે અંગે જમીન માટે રજુ કરેલ અરજી સહિતના પુરાવાની પ્રમાણિત નકલોની માંગણી બાબતે નં.સા.વે.ઝોન (અઠવા)/ આરટીઆઈ/આ.નં.૯૧ તા.૧–૭–૦૮ થી આપેલ કોઈ અરજી રજુ થયેલ નથી તેવા જવાબથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૮૬ તા.૪–૮–૦૮થી ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને આજ દિન સુધી કોઈ વિશેષ માહિતી મળેલ નથી.

અરજદારે મુળ અરજીમાં મારી માલિકીની જગ્યામાં કોઈ અજાણ્યા માણસે મારી સંમતિ વગર ધાર્મિ હેતુ માટે અસ્થાયી બાંધકામની પરવાનગી માંગેલ છે. જે અંગે કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અરજદારને ગવિયર ગામ ખાતે અસ્થાયી બાંધકામની પરવાનગી માંગતી કોઈ અરજી અત્રેની કચેરીએ રજુ થયેલ નથી તેવો જવાબ પાઠવવામાં આવેલ છે આમ અરજદારને માંગેલ માહિતી અપવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં મુળ અરજીથી અલાયદા પ્રશ્નો ઉભા કરી માહિતી માંગેલ છે તથા અન્ય તપાસ અને કાર્યવાહીને લગતી રજુઆત કરેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૧–૬–૦૮ ની ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી મ. જાહેર માહિતી અધિકારી તરફથી સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. આથી માહિતી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અપીલ અરજીમાં ઉભા કરાયેલા પૂરક પ્રશ્નો અંગે તપાસ અને કાર્યવાહી અંગે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા અને માહિતી મેળવવા મુદ્દા અંગે કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવાસ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧)ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સતીષભાઈ પરસોતમભાઈ પટેલ,